# પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી અંગે મીડિયાના પ્રશ્નોના સત્તાવાર પ્રવક્તાના જવાબ

25 જાન્યુઆરી, 2024

**પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં, સત્તાવાર પ્રવક્તા, શ્રી રણધીર જયસ્વાલે કહ્યું:**

"અમે પાકિસ્તાનના વિદેશ સચિવની કેટલીક ટિપ્પણીઓને લગતા મીડિયા અહેવાલો જોયા છે.

હાલમાં ખોટા અને દ્વેષપૂર્ણ ભારત વિરોધી પ્રચાર માટેનો પાકિસ્તાને આ પ્રયાસ કર્યો છે.

દુનિયા જાણે છે કે, પાકિસ્તાન લાંબા સમયથી આતંકવાદ, સંગઠિત અપરાધ અને ગેરકાયદેસર આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું છે. ભારત અને અન્ય ઘણા દેશોએ જાહેરમાં પાકિસ્તાનને ચેતવણી આપી છે કે તે તેની પોતાની આતંક અને હિંસાની સંસ્કૃતિ દ્વારા જ ખાતાં થઈ જશે.

પાકિસ્તાન જે વાવે છે તે લણશે.

પોતાના દુષ્કૃત્યો માટે અન્યને દોષ આપવો એ ન તો વ્યાજબી છે કે ન તો તે એક ઉકેલ હોઈ શકે છે."

**નવી દિલ્હી**
**25 જાન્યુઆરી, 2024**